અપીલ અરજી નં.૪૦૧ તા.૧૬–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી બિપિનચંદ્ર મનુભાઈ પટેલ
સામાવાળાઃ– ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી બિપિનચંદ્ર મનુભાઈ પટેલની તા. ૧૪–૯–૧૧ની અરજીથી કોસાડ ટીપી ૬૬ માં આવેલ બ્લોક નં.૪૫૯ માં આપની કચેરી ધ્વારા કરવામાં આવેલ ટાઉન પ્લાનીંગ કાર્યવાહી બાબતે વાંધો લેતી લેખિત અરજી કરેલી બાબતે બ્લોક નં.૪૫૯ ની કપાત–નકશા સહિતની માહિતી આપવા તથા તે અંગે કરેલ કાર્યવાહીની માહિતી આપવા બાબત તથા આઈ ડી નં.૮૩૪ તા.૧૪–૯–૧૧ ની અરજી તથા આઈ ડી નં.૩૧૫ તા.૧૪–૯–૧૧ થી રે.સ. નં.૨૮૮/૨ માલિક ચંદ્રસિહ ખુમાનસિંહ બાકારોલા રસ્તા ન બનાવવા બાબતે તા.૧૩–૩–૦૯ ના રોજ કરેલી રજૂઆત બાબતેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૬–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૦૧/૨૦૧૧–૧૨

શ્રી બિપિનચંદ્ર મનુભાઈ પટેલની તા. ૧૪–૯–૧૧ની અરજીથી કોસાડ ટીપી ૬૬ માં આવેલ બ્લોક નં.૪૫૯ માં આપની કચેરી ધ્વારા કરવામાં આવેલ ટાઉન પ્લાનીંગ કાર્યવાહી બાબતે વાંધો લેતી લેખિત અરજી કરેલી બાબતે બ્લોક નં.૪૫૯ ની કપાત–નકશા સહિતની માહિતી આપવા તથા તે અંગે કરેલ કાર્યવાહીની માહિતી આપવા બાબત તથા આઈ ડી નં.૮૩૪ તા.૧૪–૯–૧૧ ની અરજી તથા આઈ ડી નં.૩૧૫ તા.૧૪–૯–૧૧ થી રે.સ. નં.૨૮૮/૨ માલિક ચંદ્રસિહ ખુમાનસિંહ બાકારોલા રસ્તા ન બનાવવા બાબતે તા.૧૩–૩–૦૯ ના રોજ કરેલી રજૂઆત બાબતેની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૬–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૪૪ તા.૨૩–૧૧–૧૧ થી** ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગત અપીલમાં જણાવેલ ન હોઈ તે રજૂ કરવા તથા સાથે તેમની લેખિત રજુઆતની નકલ મોકલવા તેમજ પક્ષકાર જાહેર માહિતી અધિકારીને પણ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીગ તરફથી પત્ર નં.ટીપીડી/૪૫૯ તા.૨૧–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં. ૧૦૩૩ તા.૧૫–૯–૧૧ થી ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, નોંધ વિભાગ, પાર્ટ પ્લાન ડ્રાફ્ટ ટીપી સ્કીમ નં.૬૬ કોસાડ વરીયાવ બ્લોક નં.૪૫૯ ફા.પ્લોટ નં.૭૭ ના નકશાની નકલ, ફોર્મ 'એફ' ની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીપીડી/આ.નં.૪૩૯ તા.૯–૧૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૮–૧૨–૧૧ થી અરજદારે ફી ભર્યાની રસીદ, કતારગામઝોનમાં તા.૨૪–૧–૦૯ ના રોજ અન્ય નાગરીકોએ કરેલ અરજીની નકલ, તા.૧૮–૧–૦૮ ના રોજ બળવંતભાઈ અને ધીરૂભાઈએ કરેલ વાંધા અરજીની નકલ, તા.૧૮–૬–૦૮ ના રોજ કરેલ અરજીની નકલ, તા.૧૧–૭–૦૮ ના રોજ કંચનભાઈ પટેલ અને અન્ય અરજદારોએ કરેલ અરજીની નકલ, તા.૧૮–૬–૦૮ ના રોજ અરજદારની અરજીના પ્રત્યુત્તર નોર્થઝોન/આ.નં.૮૮૮૫ તા.૯–૩–૦૯ ના પત્રની નકલ તા. અરજદારના તા.૧૩–૩–૦૯ ના પત્રની નકલ, અરજદારના તા.૨૧–૧–૧૦ ના પત્રની નકલ, અરજદારનો તા.૧૪–૯–૧૧ ની મુળ અરજીની આઈ ડી નં.૮૩૪ અને ૩૧૫ ની નકલ, બંને અરજી ફી ભર્યાની નકલ, સેન્ટ્રલઝોન તરફથી આઈ ડી નં.૮૩૪ ની અરજી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૦૩૩ તા.૧૫–૯–૧૧ ના રોજ ટાઉન પ્લાનીંગને તબદીલ કરેલ પત્રની નકલ, આઈ ડી નં.૩૧૫ બાબતે આપેલ માહિતી અંગેના પત્ર નં.નોર્થઝોન/આ.નં./૪૨૬૨ તા.૨૬–૯–૧૧ ના પત્રની નકલ, અરજદારની તા.૧૦–૧૦–૧૧ ની કાર્યપાલક ઈજનેરને કરેલ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૪૯૨૭ તા.૧૫–૧૦–૧૧ થી આપેલી માહિતી અંગેના પત્રની નકલ, અરજદારે તા.૮–૧૧–૧૧ ના રોજ અપીલ અધિકારીને પાઠવેલ પત્રની નકલ, તા.૫–૮–૯૪ ની હેડ કવાર્ટર આસી. રેકર્ડ ઝોનની નકલ, કોસાડની સીટ નં.૭ તથા ૮ ના સી.સ. નં.૧૦૧૫ થી ૧૦૧૭ ના નકશાની તા.૧૫–૬–૦૯ ની નકલ, અરજદારને આઈ ડી નં.૮૩૪ તા.૧૪–૯–૧૧ ની અરજી બાબતે જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી અંગે પત્ર નં.ટીપીડી/આ.નં.૪૩૯ તા.૯–૧૨–૧૧ ના પત્રની નકલ, રે.સ. નં.૪૫૯ ના એફ ફોર્મની નકલ તેમજ પાર્ટ પ્લાનના નકશાની નકલ, તા.૨૮–૧૨–૧૧ ના રોજ તા.૮–૮–૧૧ ના રોજ કરેલ અરજી બાબતેના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારે તા.૧૬–૧૧–૧૧ ના રોજ તા.૧૪–૯–૧૧ ના રોજ કરેલ અરજી બાબતે કોઈ માહિતી મળેલ નથી. અને તે તપાસ કરી માહિતી મેળવવા માટેની અરજી કરવામાં આવલ. જે અંગે અત્રેથી કોમ્પ્યુટર પર તપાસ કરતાં અરજદારની અરજી તા.૧૪–૯–૧૧ ના રોજ ડે.કમિ(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી નોંધાયેલ જણાય છે. ત્યાર બાદ અપીલ તબકકે બંને પક્ષકારો પાસેથી વિગત માંગવામાં આવેલ. જે અંગે અરજદારને પત્રની નકલ નહી મળતા અત્રે રૂબરૂ આવી અપીલના પત્રની નકલ તા.૨૨–૧૨–૧૧ ના રોજ મેળવવામાં આવેલ અને ત્યાર બાદ અરજદારે તા.૨૮–૧૨–૧૧ ના તે સંદર્ભે પૂરક વિગતો રજૂ કરતાં અરજદારે તા.૧૪–૯–૧૧ ના રોજ આઈ ડી નં.૮૩૪ થી મુખ્ય નગર નિયોજક અધિકારી નગર નિયોજન સુમપાને કરવામાં આવેલ. જે અંગે અરજદારે સેન્ટ્રલઝોન ખાતે ૧૪૨૮૩ તા.૧૪–૯–૧૧ ના રોજ અરજી ફી ભરપાઈ કરેલ. જે અંગે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ /જાવક/૧૦૩૩ તા.૧૫–૯–૧૧ થી નિયત સમય અવધિમા તબદીલ કરવામાં આવેલ. જયારે અરજદારે તે જ તારીખમાં કાર્યપાલક ઈજનેર અનેજાહેર માહિતી અધિકારીને રસીદ નં.૪૮૮૯૦૬ તા.૧૪–૯–૧૧ ના રોજ અરજી ફી ભરપાઈ કરી માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૮–૧૧–૧૧ ના રોજ , તા.૧૪–૯–૧૧ ના રોજ કરેલ અરજી બાબતે કોઈ પ્રતિભાવ મળ્યો નથી તે પ્રશ્ન સીવીક સેન્ટર ખાતે પાઠવેલ. ત્યાર બાદ અરજદારે તા.૧૬–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ. જેમાં અરજદારે માહિતી નહીં મળ્યાની રજૂઆત કરેલ છે.

અરજદારે આઈ ડી. નં.૮૩૪ તા.૧૪–૯–૧૧ થી કરેલ અરજી કોસાડ ટીપી ૬૬ માં આવેલ બ્લોક નં.૪૫૯ માં આપની કચેરી ધ્વારા કરવામાં આવેલ ટાઉન પ્લાનીંગ કાર્યવાહી બાબતે વાંધો લેતી લેખિત અરજી કરેલી હતી તથા આપ સાહેબની રૂબરૂ મુલાકાત લઈ રજૂઆત કરેલ તેના અનુસંધાનમાં આપ સાહેબે આપના અધિકારીઓ બસાક સાહેબ તથા દિપક શેઠને સ્થળ તપાસ માટે પણ મોકલેલ હતાં. પરંતુ ત્યાર બાદ શું કાર્યવાહી કરવામાં આવેલ છે તે બાબતની અમોને કોઈ જાણકારી નથી. વધુમાં હાલમાં બ્લોક નં.૪૫૯ માં કપાત કરવામાં આવેલ હોય તો તેની સમગ્ર માહિતી નકશા સહિત તથા બ્લોક નં.૪૫૯ ની પૂર્વ દિશાએ આવેલ ઉત્તર દક્ષિણ રસ્તાની શું સ્થિતિ છે. તે બાબત તથા એ જ બ્લોક નંબરની દક્ષિણે આવેલ પૂર્વ –પશ્ચિમ રેલ્વે સ્ટેશન જવાનો રસ્તો છે જે સીટી સર્વે આધારીત રસ્તો છે તેની શું સ્થિતિ છે સીટી સર્વે આધારીત રસ્તાની આપણી કચેરીમાં શું મહત્વ છે તેની માહિતી આપવા બાબત તથા . તા.૧૧–૭–૦૮ ના રોજ તા.૨૧–૧–૧૦ ના રોજ કમિ.ને લેખિત કરેલી અરજી તેની માહિતી અંગેના પ્રશ્ન બાબતે મ. જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજક તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં .૪૩૯ તા.૯–૧૨–૧૧ થી મોજે કોસાડ બ્લોક નં.૪૫૯ વાળી જમીન બાબતે સુરત મહાનગરપાલિકાને અગાઉ કરેલ અરજી/રજૂઆતને ધ્યાને લઈ ટીપી સ્કીમ નં.૬૬ (કોસાડ–વરીયાવ) માં કરવામાં આવેલ આયોજનમાં મોજે કોસાડ બ્લોક નં.૪૫૯ વાળી જમીનને ફાળવવામાં આવેલ અંતિમખંડની વિગતો દર્શાવતા પાર્ટ પ્લાન તથા ફોર્મ 'એફ' ની નકલ આ સાથે સામેલ છે. વધુમાં આપની તા.૧૧–૭–૦૮ તથા તા.૨૧–૧–૧૦ ના રોજની લેખિત અરજીની નકલ હાલમાં અત્રે મળી આવેલ નથી. જેની શોધખોળ અંગેની કામગીરી ચાલુ છે જે મળ્યેથી તે અંગે વધુ સ્પષ્ટતા થઈ શકશે. વધુમાં ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટની જોગવાઈઓ અનુસાર મુદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૬૬ (કોસાડ–વરીયાવ) તૈયાર કરતી વેળાએ જે તે જમીન માલિક/હિત ધરાવનારાઓ ધ્વારા કરવામાં આવેલ રજૂઆત ધ્યાને લઈ તૈયાર કરી સરકારીશ્રીની મંજુરી અર્થે સાદર કરવામાં આવેલ મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૬૬ (કોસાડ–વરીયાવ) મુજબ મોજે કોસાડ બ્લોક નં.૪૫૯ વાળી જમીન બાબતે ઉપર જણાવ્યા મુજબ આપના ધ્વારા કરવામાં આવેલ રજૂઆતને ધ્યાને લઈ ફાળવવામાં આવેલ અંતિમખંડની વિગતો દર્શાવતા પાર્ટ પ્લાન તથા ફોર્મ 'એફ' આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે. અરજદારે તેમની આઈડી નં.૮૩૪ તા.૧૪–૯–૧૧ માં તા.૧૧–૭–૦૮ ના રોજ કમિ.શ્રીને લેખિત અરજી કર્યાનું જણાવેલ છે અને જેની નકલ અત્રે રજૂ કરેલ છે તેમાં સદર અરજી કંચનલાલ મગનલાલ પટેલ અને અન્ય છ વ્યકિતએ કરેલ છે જેમાં અરજદારે સદર અરજી કરેલ નથી. જયારે તા.૨૧–૧–૧૦ ની અરજદારની અરજી અરજદાર સાથે અન્ય બે વ્યકિતની સંયુકત અરજી કરેલ છે.

અરજદારની તા.૧૪–૯–૧૧ ની બીજી અરજી આઈ ડી નં.૩૧૫ જે કાર્યપાલક ઈજનેર કતારગામઝોનને કરવામાં આવેલ છે. જેમાં ગામ કોસાડના રહેવાસી બિપિનચંદ્ર મનુભાઈ પટેલનું જણાવવાનું કે તા.૯–૩–૦૯ ના રોજ આપની કચેરી ધ્વારા મને એક લેખિત આપવામાં આવેલ હતું તેમાં રે.સ. નં.૨૮૮/૨ ના માલિક શ્રી ચંદ્રસિંહ ખુમાનસિંહ બાકારોલા તથા તેમના વકીલશ્રી નિતિન એમ. ઠાકર ધ્વારા રસ્તો ન બનાવવા બાબતની રજૂઆત કરતી અરજી કરેલ હતી તેમાં તેઓએ જણાવેલ હતું કે આ બાબતે કોર્ટમાં દાવાઓ ચાલતા હોય રસ્તો ન બનાવવાનો તેના અનુસંધાને આપ સાહેબે મારી પાસે આ અંગેની સમગ્ર માહિતી માંગેલ હતી તે મે ૧૩–૩–૦૯ ના રોજ આપ સાહેબને સુપ્રત કરેલ હતી પરંતુ ત્યાર બાદ બાકરોલા સાહેબની કરેલ રજૂઆત તથા મે આપેલ માહિતીનો આપ સાહેબ ધ્વારા શું અભ્યાસ કરેલ તે અંગે આપશ્રી ધ્વારા શું કાર્યવાહી કરવામાં આવેલ છે તે અંગેની સમગ્ર માહિતી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ આપવા મે. કરશોજી. આ અંગે થનાર ખર્ચ અમો ભોગવવા તૈયાર છે તો તે જણાવશો

અને આપની કચેરીમાં સીટી સર્વેનું શું મહત્વ છે તે પણ જણાવશો. સીટી સર્વેના દસ્તાવેજો માટે આપની કચેરીનો અભિપ્રાય જણાવશો ચંદ્રસિંહ બાકરોલા તથા તેમના વકીલ ધ્વારા આપવામાં આવેલ વાંધા અરજીની કોપીઓ પણ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૪૨૬૨ તા.૨૬–૯–૧૧ થી " માંગવામાં આવેલી માહિતી મેળવવા માટે નિયમોનુસાર, દસ્તાવેજ ફી પેટે રૂા.૧૦૪/– (અંકે રૂીપયા એકસો ચાર પુરા) કતારગામઝોન કચેરીએ નિયત સમય અવધિમાં જમા કરવા જણાવવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૧૦–૧૦–૧૧ ની અરજીથી તેઓએ વકીલ ધવારા કરેલ રજૂઆતની કોપીઓ આપેલ છે પરંતુ શું કાર્યવાહી કરવામાં આવેલ છે તે બાબતે કોઈ માહિતી આપવામાં આવેલ નથી. ત્યાર બાદ જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં. ૪૯૨૭ તા.૧૫–૧૦–૧૧ થી " આપશ્રીની તા.૧૩–૩–૦૯ ના જવાબ સાથે આપે આપેલ માહિતી તથા રજૂઆતો તથા ચંદ્રસિંહ ખુમાનસિંહ બાકરોલા તરફથી કતારગામઝોન કચેરીએ કરવામાં આવેલ રજૂઆતોના અનુસંધાનમાં કચેરીએથી કરવામાં આવેલ અભ્યાસ નીચે મુજબ છે. સદરહુ જગ્યાનો સમાવેશ ડ્રા.ટીપી સ્કીમ નં.૬૬ (કોસાડ–વરીયાવ) માં થાય છે. તેની વચ્ચેથી પસાર થતો ૧૨.૦૦ મીટરનો ટી.પી. રસ્તો ટી.પી. સ્કીમમાં સૂચવવામાં આવે છે. સદરહુ ટીપી સ્કીમ નં.૬૬ (કોસાડ–વરીયાવ) હાલમાં મુસદ્દારૂપ તબકકે છે. તેમજ સદરહુ ટીપી સ્કીમને ડ્રાફ્ટ સ્કીમની મંજુરી માટે નામદાર સરકારશ્રી તરફથી ડ્રાફ્ટ સ્કીમની મંજુરી ન મળેલ હોય તથા સદરહુ ટીપી સ્કીમમાં ફેરફાર થવાની શકયતા હોય નિયમોનુસાર ટીપી રસ્તો બનાવવા માટે રસ્તાના ભાગે કપાત થતી જગ્યાનો કબ્જો જમીન માલિકો પાસે સમજાવટથી તથા સ્વૈચ્છિક રીતે સુમપાએ મેળવવાનો રહે છે. હાલમાં સદરહુ રસ્તામાં વચ્ચે આવેલ બ્લોક નં.૪૫૯ .ફા.પ્લોટ નં.૭૭ વાળી જગ્યાના જમીન માલિકોએ સદરહુ જગ્યામાંથી રસ્તાના ભાગની કપાત થતી જગ્યાનો કબ્જો સુમપાને સોંપવાની અસંમતિ દર્શાવેલ છે જેથી વચ્ચેનો સદરહુ ભાગનો કબ્જો ન મળેલ હોય રસ્તો બનાવવાની કામગીરી હાલમાં હાથ ધરી શકાય તેમ નથી. સદરહુ ડ્રા.ટી.પી. સ્કીમ નં.૬૬ (કોસાડ–વરીયાવ) ને ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ તરીકેની સરકારીશ્રીની મંજુરી મળ્યા બાદ રસ્તાની જમીનનો કબ્જો મેળવી સદરહુ રસ્તો બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. વધુમાં આપે અત્રેથી કચેરીમાં સીટી સર્વેનું શું મહત્વ છે? તથા સીટી સર્વેના દસ્તાવેજો માટે કચેરીનો શું અભિપ્રાય છે. તેની વિગતો માંગેલ છે. પરંતુ ઉપરોકત વિગતોનો સમાવેશ આરટીઆઈ એકટ હેઠળ " માહિતી" ની વ્યાખ્યામાં થતો ન હોવાથી આવી વિગતો આપી શકાય એમ નથી. તેવું જણાવેલ. આમ અરજદારે તા.૧૪–૯–૧૧ ના રોજ આઈ ડી નં.૩૮૪ તથા આઈ ડી નં.૩૧૫ ની માહિતી અનુક્રમે જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ) તથા જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી નકલસહ પૂરી પાડવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪–૯–૧૧ થી આઈ ડી નં.૮૩૪ ટાઉન પ્લાનીંગ વિભાગ તથા આઈ ડી નં.૩૧૫ કતારગામઝોન કક્ષાએ અરજીઓથી માંગવામાં આવેલ માહિતી અનુક્રમે જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ) તથા જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી નકલોસહ પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારે તેમની અરજીઓમાં કરેલી કાર્યવાહીને લગતી રજૂઆત સક્ષમ સત્તાને અલાયદી ધ્યાને લાવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,

(૧) ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી બિપિનચંદ્ર મનુભાઈ પટેલ